# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-05-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## PM-ગુજરાત મુલાકાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે. પ્રધાનમંત્રી કાર્યાલયનાં જણાવ્યા મુજબ શ્રી મોદી આજે રાત્રે જામનગર ખાતે આવશે. જ્યાં લાલ બંગલો સર્કલ ખાતે તેમનું સ્વાગત કરવામાં આવશે.**

**અહી રાત્રિ રોકાણ કર્યા બાદ બીજા દિવસે શ્રી મોદી સવારે સોમનાથ જશે જ્યાં તેઓ, સોમનાથ મંદિરનાં પુનઃનિર્માણની 75મી વર્ષગાંઠ પ્રસંગે આયોજિત અમૃત મહોત્સવનાં ભાગ રૂપે આયોજિત વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ વિશેષ મહાપુજામાં ભાગ લીધા બાદ કુંભ અભિષેક અને ધ્વજારોહણ વિધીમાં પણ ભાગ લેશે. પ્રધાનમંત્રી સોમવારે વડોદરા ખાતે સરદાર ધામ સંકુલનું લોકાર્પણ કરશે અને જાહેર સભાને સંબોધશે. તેઓ સરદાર ધામ પરિસરની મુલાકાત પણ લેશે.**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના બે દિવસની ગુજરાતની મુલાકાત લઈને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સોમનાથ અને જામનગર ખાતે યોજાનાર કાર્યક્રમોની તૈયારીઓની સમીક્ષા કરી અને અધિકારીઓને જરૂરી સુચનાઓ આપી હતી.**

**--------------------------------------------------------------------------------------------**

## સોમનાથ મહાપર્વ પ્રારંભ:

**પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવમાં ગઈકાલથી પાઠાત્મક અતિરૂદ્ર સાથે પાંચ દિવસીય સોમનાથ અમૃતપર્વ-2026નો ભક્તિપૂર્ણ માહોલમાં હોમાત્મક મહારૂદ્ર યજ્ઞ સાથ પ્રારંભ થયો છે. સોમનાથના ઈતિહાસમાં પહેલીવાર મંદિર પરથી 11 તીર્થોના જળથી કુંભાભિષેક થશે.**

**ભારતીય વાયુ સેનાના વિંગ કમાન્ડર જનમીત શર્માએ જણાવ્યું કે, સોમનાથ અમૃતપર્વની ઉજવણીના ભાગરૂપે આવતીકાલ 11 મેના રોજ એરફોર્સની સૂર્યકિરણ એરોબિક્સ ટીમ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં સવારે 11 કલાકથી સૂર્યકિરણ એર શો યોજાશે.**

**-----------------------------------------------------------------------------------------------**

## રાજ્યપાલ કચ્છ મુલાકાત:

**રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગઈ ભુજ તાલુકાના કોડકી ગામે "એક પેડ મા કે નામ" અભિયાનને વેગવંતુ બનાવવા ગામના બાગ ખાતે વૃક્ષારોપણ કર્યું હતું. આ સાથે સ્વચ્છતાનો સંદેશો આપવા સ્વચ્છતા ઝૂંબેશમાં સહભાગી બની ગામના લોકો સાથે મળીને ચોકમાં સફાઇ કરી હતી.તેમણે ગ્રામજનોને પર્યાવરણના જતનનો સંદેશ આપી ગામને હરીયાળું બનાવવા અનુરોધ કર્યો હતો.આ ઉપરાંત રાજ્યપાલે ભુજ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.**

**-----------------------------------------------------------------------------------------------**

## કચ્છ માદક પદાર્થના પેકેટ:

પશ્ચિમ કચ્છના દરિયા કિનારે બિનવારસુ ચીજવસ્તુઓ મળવાની શરૂઆત થયા બાદ સિલસિલો યથાવત રહ્યો હોય તેમ  અગાઉ શંકાસ્પદ ડ્રોનનો પાંખડો મળી આવતા એજન્સીઓ સર્તક બની હતી તેવામાં હવે લુણા બેટ પરથી વધુ એક ડ્રોનનો પાંખડો  જખૌ મરીન પોલીસને મળી આવ્યો છે. જયારે કોસ્ટગાર્ડ અને બીએસએફની ટીમને ટ્રીગલ આઈસલેન્ડ એન બકલ બેટ પરથી વધુ 30 બિન વારસુ માદક પદાર્થના પેકેટ મળી આવ્યા છે.જે વધુ તપાસ માટે નલિયા એરફોર્સની ટીમને સોંપવામાં આવ્યુ છે.

**-----------------------------------------------------------------------------------------------**

# માતૃત્વ દિવસ-ઉજવણી :

આજે વિશ્વમાં માતૃત્વ દિવસની ઉજવણી થઇ રહી છે. આ નિમિત્તે ભુજ સ્થિત અદાણી સંચાલિત ગેઈમ્સ જી. કે. જનરલ હોસ્પિટલના ચીફ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. નરેન્દ્ર હીરાણીએ માતૃત્વ દિવસ નિમિત્તે માને આપવાની સ્વાસ્થ્ય ભેટ અંગે જણાવ્યું કે, મા પ્રત્યે સન્માન અને પ્યાર વ્યક્ત કરવા એ જરૂરી છે. કારણ કે, માતા બાળકો અને પરિવારના સુખ-સગવડ માટે પોતાના આરોગ્યને નજરઅંદાઝ કરે છે. માને એવી હેલ્થ ગિફ્ટ આપવી જોઈએ કે, જેથી મા લાંબી, નિરોગી ઉંમર ભોગવી શકે, માતાને સ્વસ્થ રાખવી એ જ મોટી ભેટ છે. કારણ કે, મા સ્વસ્થ હશે તો જ પરિવાર ખુશ રહેશે, એમ ડો. હીરાણીએ ઉમેર્યું હતું.

---

# આઈ.પી.એલ:

ગુજરાત ટાઇટન્સની ટીમે રાજસ્થાન રોયલ્સની ટીમને 77 રને હરાવી આઈ પીએલની મેચમાં સાતમી સફળતા મેળવી છે. એ સાથે 11માંથી સાત મેચ જીતી પોઇન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી છે. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ પરની મેચમાં ગુજરાતે 4 વિકેટ ગુમાવી 229 રન કર્યા હતા.જવાબમાં રાજસ્થાનની ટીમ 152 રન કરી શકી હતી.ગુજરાતની ટીમના સુકાની શુભમન ગિલે સૌથી વધુ 84 રન અને સાઈ સુદર્શને 55 રન કર્યા હતા. જ્યારે રાશિદ ખાને 33 રન માં 4 વિકેટ ઝડપી હતી.

---

# હવામાન:

હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ ઊંચકાયેલા મહત્તમ તાપમાને કચ્છને અગનગોળો બનાવ્યું હતું. આભમાંથી અગનજ્વાળા વરસતી હોય તેવા આકરા તાપ વચ્ચે અંજાર-ગાંધીધામમાં મહત્તમ પારો દોઢ ડિગ્રી ઊંચકાઇને 44.4 ડિગ્રીએ પહોંચ્યો હતો. તો જિલ્લા મથક ભુજમાં પણ 42 ડિગ્રીએ પહોંચેલા મહત્તમ પારાએ લૂનો પ્રભાવ વર્તાવ્યો હતો.હવામાન વિભાગે ગરમીનાં આકરાં મોજાંનું યલો એલર્ટ જાહેર કરી મહત્તમ પારો 45 ડિગ્રીના આંક સુધી પહોંચે તેવી સંભાવના દેખાડી છે. ત્યારે તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા લોકોને સ્વાસ્થ્ય જાળવવા ખાસ તાપમાં ન નીકળવા અને સતત પાણી પીતા રહી શરીરને સ્વસ્થ રાખવા અપીલ કરી છે.હવામાન વિભાગે આગામી 7 દિવસ ગુજરાતમાં હિટવેવની આગાહી કરી છે.

હીટવેવ સામે લડવા કચ્છ આરોગ્ય તંત્ર દ્વારા હોસ્પિટલોમાં સુવિધાઓ કરવામાં આવી છે. જેમાં 11 હજાર આઈસપેડ,સ્પેશિયલ બેડ અને 108 એમ્બ્યુલન્સ,કુલિંગ થેરાપીથી સજ્જ કરવામાં આવી છે તેવુ એક અખબારી યાદીમાં જણાવાયુ છે.

---